RNI Title Code : GUJGUJ18197

# ભારત હેડલાઈન

તટસ્થ, પારદર્શક અને નિડર અખબાર

Bharat Headline-Gujarati Morning Daily
(Monday to Saturday) Rajkot

માલિક, મુદ્રક પ્રકાશક અને તંત્રી : અમિત બીપીનભાઈ ઠક્કર | Date : 18 June 2024, Tuesday | Page : 11 | Year : 1 | Issue : 207 | Price: 2/-



આસામમાં રાજ્યના કર્મીઓને મફત વીજળી નહીં મળે

વાંચો પેજ નં. 2



## ૫૦૦ વર્ષ જૂની મૂર્તિઓ તૂટતાં જૈનોએ આક્રોશ વ્યક્ત કરતાં સરકારે તાત્કાલિક પગલાં લીધા

# પાવાગઢમાં મૂર્તિઓનું પુનઃ સ્થાપન કાર્ય શરૂ

ભારત હેડલાઈન, તા.૧૭

પાવાગઢ મહાકાળી મંદિરનાં જૂનાં પગથિયાંની બાજુમાં સ્થાપિત કરાયેલી ૫૦૦ વર્ષ જૂની જૈનોના તીર્થંકર નેમિનાથની પ્રતિમાઓને પાવાગઢ મહાકાળી મંદિર ટ્રસ્ટ દ્વારા કાઢી લેવામાં આવતા સમગ્ર જૈન સમાજમાં તેના ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. ગઈકાલે (૧૬ જૂન, ૨૦૨૪) બપોરે આ સમગ્ર ઘટનાની જાણ જૈન સમાજને થતાં સુરતમાં મોટી સંખ્યામાં એકઠા થયેલા જૈન સમુદાયને સંબોધતા જૈનાચાર્યએ પાવાગઢ મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટી અશોક પંડ્યા સામે નારાજગી જાહેર કરી હતી. તેમજ દિવસભર જૈનોએ રાજ્યભરમાં વિરોધ પ્રદર્શનો કર્યા હતા.




તેમજ સુરત કલેક્ટર ઓફિસે દેખાવો કર્યા હતા. તેઓનું કહેવું છે કે, જ્યાં સુધી અમારી માગણીઓ પૂરી નહીં થાય ત્યાં સુધી અમે કલેક્ટર ઓફિસથી જવાના નથી.

આ મામલે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ સોમવારે સાંજના ૫ વાગ્યે એક્સ પર વીડિયો પોસ્ટ કરી લખ્યું કે, પાવાગઢમાં પૂનઃસ્થાપિત કરવાનું કામ શરૂ થઈ ગયું છે. આ કેસની તપાસ પંચમહાલ DSPને સોંપી દેવામાં આવી છે.

### જમ્મુ-કાશ્મીર બાદ

# હવે મણિપુર પર કાર્યવાહીની તૈયારી




## અમિત શાહે ઉચ્ચ સ્તરીય બેઠક બોલાવીઃ મે ૨૦૨૩થી હિંસામાં ૨૦૦થી વધુ લોકોના મોત થયા

ભારત હેડલાઈન, તા.૧૭

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સોમવારે સાંજે મણિપુરમાં સુરક્ષા વ્યવસ્થાને લઈને સમીક્ષા બેઠક યોજવાના છે. આ ઉચ્ચ સ્તરીય બેઠક ગૃહ મંત્રાલયના નોર્થ બ્લોકમાં સાંજે ૪ વાગ્યે મળશે. તેમાં કેન્દ્રીય ગૃહ સચિવ, ઈન્ટેલિજન્સ બ્યુરોના અધિકારીઓ સાથે મણિપુરના મુખ્ય સચિવ, મણિપુર ડીજીપી, તેમજ આર્મી અને અન્ય સુરક્ષા દળોના અધિકારીઓનો સામેલ થઈ શકે છે.

એક દિવસ પહેલા જ ગૃહમંત્રી શાહે જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષાને લઈને ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. જેમાં તેમણે અધિકારીઓને આતંકવાદ અને આતંકીઓના મદદગારો સામે કડક કાર્યવાહી કરવાની સૂચના આપી છે. મણિપુરની સ્થિતિ પર આ ઉચ્ચ સ્તરીય બેઠક રાજ્યપાલ અનુસુઈયા ઉઈકેએ ગૃહમંત્રીને મળ્યાના એક દિવસ બાદ બોલાવવામાં આવી છે. અનુસુઈયાએ શાહ સાથેની મુલાકાત દરમિયાન પૂર્વોત્તર રાજ્યની વર્તમાન સ્થિતિ વિશે માહિતી આપી હતી.

# વાયનાડને બાય-બાય, રાહુલ થયા રાયબરેલીના



## ૨ કલાકની બેઠક બાદ મલ્લિકાર્જુન ખડગેની જાહેરાતઃ પ્રિયંકા ગાંધી વાયનાડથી પેટાચૂંટણી લડશે

ભારત હેડલાઈન, તા.૧૭

કોંગ્રેસનેતા રાહુલ ગાંધી કેરળની વાયનાડ બેઠક પરથી રાજીનામું આપશે અને રાયબરેલીથી સાંસદ રહેશે. પ્રિયંકા ગાંધી વાયનાડથી પેટાચૂંટણી લડશે. સોમવારે કોંગ્રેસની ૨ કલાકની બેઠક બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો. રાહુલે પરિણામના દિવસે (૪ જૂન) પ્રથમ પ્રેસ-કોન્ફરન્સમાં પણ આનો સંકેત આપ્યો હતો. તેમણે યુપીનો વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો, પરંતુ ૧૨ જૂને જ્યારે રાહુલ મતદારોનો આભાર માનવા માટે વાયનાડ આવ્યા હતા. ત્યારે તેમણે કહ્યું- હું મૂંઝવણમાં છું. મારે કઈ બેઠક રાખવી જોઈએ અને કઈ બેઠક છોડી દેવી જોઈએ? હું આશા રાખું છું કે હું જે પણ નિર્ણય લઈશ, બધા એનાથી ખુશ થશે.

બિનવારસી ચરસ મળવાનું યથાવત

# સૌરાષ્ટ્ર-કચ્છના દરિયા કાંઠેથી આજે વધુ પપ પેકેટ મળતા પેટ્રોલિંગ વધારાયું



ભારત હેડલાઈન, તા.૧૭

સૌરાષ્ટ્ર અને કચ્છનો દરિયા કિનારો નશાનું હબ બની ગયો હોય તેમ દિન-પ્રતિદિન બિનવારસી ચરસના પેકેટ મળવાનું પ્રમાણ સતત વધી રહ્યું છે. આજે પણ એક જ દિવસમાં સૌરાષ્ટ્ર-કચ્છના દરિયા કિનારેથી વધુ ૫૫ જેટલા ચરસના પેકેટ મળી આવ્યા છે. આજે માંડવીના દરિયા કિનારેથી ૪૦, દ્વારકાના દરિયા કિનારેથી ૧૦ અને પોરબંદરના દરિયા કિનારેથી ૫ જેટલા ચરસના પેકેટ બિનવારસી મળી આવ્યા હતા. જેના પગલે પોલીસ દ્વારા પેટ્રોલિંગમાં વધારો કરવામાં આવ્યો છે. આજે માંડવી સિટી પોલીસને રૂ. ૨૦ કરોડની કિંમતના વધુ ૪૦ ચરસના પેકેટ બિનવારસી હાલતમાં મળી આવ્યા છે. જ્યારે છેલ્લા એક સપ્તાહમાં ૯૩ જેટલા ચરસના પેકેટ મળી આવ્યા છે. જેની અંદાજિત કિંમત ૪૬.૫૦ કરોડ રૂપિયા થવા જાય છે.




# દાર્જિલિંગમાં માલગાડી-કંચનજંગા એક્સપ્રેસની ટક્કરમાં ૧૫નાં મોત

## • ડ્રાઈવરે સિગ્નલ તોડતાં દુર્ઘટના સર્જાઈઃ રેલવે

ભારત હેડલાઈન, તા.૧૭

પશ્ચિમ બંગાળમાં એક મોટો ટ્રેન અકસ્માત થયો છે. પશ્ચિમ બંગાળના દાર્જિલિંગમાં સોમવારે સવારે લગભગ ૯ વાગ્યે એક માલગાડીએ કંચનજંગા એક્સપ્રેસ (૧૩૧૭૪)ને પાછળથી ટક્કર મારી હતી. અકસ્માતમાં કંચનજંગા એક્સપ્રેસના ૩ ડબ્બાને ભારે નુકસાન થયું હતું. અત્યાર સુધીમાં બે લોકો પાઈલટ અને એક ગાર્ડ સહિત ૧૫ લોકોના મૃતદેહ મળી આવ્યા છે, જ્યારે ૬૦ લોકો ઘાયલ છે. ગેસકટર વડે ડબ્બા કાપીને લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા. જોકે આવી દુર્ઘટનાઓથી બચવા માટે રેલવે દ્વારા કવચ સિસ્ટમ લગાવવામાં આવી રહી છે. અને જો એ હોત તો આ ઘટના સર્જાતા અટકી હોત. ત્યારે હવે સવાલ એ ઉઠી રહ્યો છે કે, આ અકસ્માતમાં કવચ તંત્ર કેમ કામ ન કર્યું? રેલવે બોર્ડના સીઈઓ અને ચેરમેન જયા વર્મા સિન્હાએ પ્રેસ કોન્ફરન્સમાં આ સવાલનો જવાબ આપ્યો છે અને આ બખ્તર સિસ્ટમ વિશે મહત્વપૂર્ણ માહિતી પણ શેર કરી છે. કંચનજંગા એક્સપ્રેસ પશ્ચિમ બંગાળના અગરતલાથી સિયાલદહ જઈ રહી હતી. રેડ સિગ્નલના કારણે એક્સપ્રેસ ટ્રેનને સિલિગુડીના રંગપાની સ્ટેશન પાસે રૂઈધાસા ખાતે રોકી દેવામાં આવી હતી. આ દરમિયાન પાછળથી આવી રહેલી માલગાડીએ ટક્કર મારી હતી. માલગાડીના પાઈલટે સિગ્નલ તોડ્યું હતું, જેના કારણે આ દુર્ઘટના સર્જાઈ હતી. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે આ મૃતકોના પરિવારજનોને ૧૦ લાખ રૂપિયા, ગંભીર રીતે ઘાયલોને ૨.૫૦ લાખ રૂપિયા અને સામાન્ય ઘાયલોને ૫૦ હજાર રૂપિયાની સહાયની જાહેરાત કરી છે. આ સિવાય અકસ્માતમાં માર્યા ગયેલા લોકોને પ્રધાનમંત્રી રાહત ફંડમાંથી ૨ લાખ રૂપિયા અને ઘાયલોને ૫૦ હજાર રૂપિયાની સહાયની જાહેરાત કરવામાં આવી છે.

# આસામમાં રાજ્યના કર્મીઓને મફત વીજળી નહીં મળે

## અમે VIP કલ્ચર ખતમ કરી રહ્યા છીએ, ૧લી જુલાઈથી અમારા પોતાના બિલ ચૂકવીશુંઃ CM સરમા

ભારત હેડલાઈન, તા.૧૭

આસામના મુખ્ય પ્રધાન હિમંતા બિસ્વા સરમાએ જાહેરાત કરી છે કે રાજ્યમાં સરકારી કર્મચારીઓએ હવે તેમના વીજ બિલો જાતે ભરવા પડશે. આ નવો નિયમ જુલાઈથી લાગુ થશે. આ પગલાનો હેતુ વીઆઈપી કલ્ચરનો અંત લાવવા અને સરકારી સંસાધનોનો વધુ સારો ઉપયોગ કરવાનો છે.

સરમાએ રવિવારે ગુવાહાટીમાં સચિવાલય સંકુલમાં જનતા ભવન સોલાર પ્રોજેક્ટના ઉદ્ઘાટન સમયે આ વાત કહી. તેમણે કહ્યું કે પહેલા સરકારી કર્મચારીઓને મફત વીજળી મળતી હતી, પરંતુ હવે તેમણે પોતાની જવાબદારીઓ નિભાવવી પડશે. આનાથી સરકારી તિજોરી પરનો બોજ ઘટશે અને સમાનતાને પ્રોત્સાહન મળશે.

સરમાએ સોશિયલ મીડિયા સાઈટ X પર લખ્યું છે કે અમે કરદાતાઓના પૈસાથી સરકારી કર્મચારીઓના વીજળીના બિલ ભરવાના વીઆઈપી કલ્ચરને ખતમ કરી રહ્યા છીએ. હું અને મુખ્ય સચિવ આનું ઉદાહરણ બનીશું અને ૧ જુલાઈથી અમારા વીજ બિલો જાતે ભરીશું. જુલાઈ ૨૦૨૪ થી, તમામ સરકારી કર્મચારીઓએ તેમના વીજળીના વપરાશ માટે પોતે ચૂકવણી કરવી પડશે.

### અમે નથી ઈચ્છતા કે સામાન્ય લોકો માટે વીજળીના ભાવ વધેઃ સરમા


સરમાએ કહ્યું કે સામાન્ય રીતે અમારા મંત્રીઓ અને વરિષ્ઠ સરકારી અધિકારીઓના રહેઠાણના વીજળીના બિલ સરકાર ચૂકવે છે. આ ૭૫ વર્ષ જૂનો વારસો છે, નવી સિસ્ટમ નથી. પરંતુ અમે નક્કી કર્યું છે કે ૧ જુલાઈથી, અમે ભલે મુખ્યમંત્રી, મંત્રી કે વરિષ્ઠ અધિકારીઓ હોઈએ, અમે અમારા વીજ બિલો જાતે જ ભરીશું, જેથી વીજ દરો વીજ બોર્ડને વસૂલવામાં આવે છે જેથી અમારા બિલની ચૂકવણી ન થવાને કારણે થયેલા નુકસાનની ભરપાઈ થઈ શકે. બિલ વધારવાની જરૂર નથી.



## લોધિકા તાલુકાના પારડી ગામે ડિમોલીશનના નામે તંત્ર દ્વારા કરાતું નર્યું નાટક



# ડિમોલીશન જારી કર્યાની નોટિસમાં તલાટીની સહી ગાયબ!




### રૂપાણી સરકારે તેમના કાર્યકાળમાં સરપંચની અડધી સત્તા તલાટીને સુપરત કરી જાહેરનામાઓ અને પરિપત્રો પણ જાહેર કરેલ હતા

### સરપંચ દ્વારા લાગતા-વળગતાઓને પોતાના વગથી નોટિસ આપી ગેરકાયદેસર મકાન તોડવાના બદલે માત્ર ઓટલાઓ તોડીને માન્યો સંતોષ



ભારત હેડલાઈન, તા.૧૭

પારડી ગામે ઘણા સમયથી પ્લોટ વિહોણા કુંટુબોએ સરકારશ્રી દ્વારા પાસે રહેવાનો આશરો મેળવવા ઘણા સમયથી ૧૦૦ ચો.વારના પ્લોટની અરજીઓ કરેલ હતી. પરંતુ તંત્ર દ્વારા માત્રને માત્ર પ્રભાવશાળી માણસોના કામ કરતુ હોઈ તેવું ચિત્ર બહાર આવ્યુ છે. પારડી ગામે ગત. તા. ૧૫ ને દિવસે તલાટી-કમ-મંત્રી ચિરાગભાઈ મોરી દ્વારા સ્થળ પર હાજર રહી જે મકાનોનું ડિમોલીશન કરવાને બદલે માત્ર ઓટલાઓ તોડી સંતોષ માની સરકાર સાથે મોટી છેતરપિંડી કરેલ છે. તેમજ પારડી ગામમાં જે ગેરકાયદેસર મકાનો હતાં તેને ભુતકાળમાં તોડી પાડવા તંત્રએ આદેશ કરેલ હોવા છતાં પણ ગ્રામ્ય કક્ષાએ માત્ર કાગળ પર જ ડિમોલેશન કરી સરકાર સાથે પારડી ગામના જે-તે સમયના સરપંચ અને તલાટીએ છેતરપિંડી કરેલ છે. તે હવે સરકારના ધ્યાને પારડી ગામના વર્તમાન તલાટી ચિરાગભાઈ મોરીએ ડિમોલેશનાના નામે ઓટલા તોડાવા બહાર લાવી દિધુ છે. આ ઉપરાંત ગેરકાયદેસર રહેણાંક મકાનોમાં રહેતા હોય તેવા લોકોના પરિવારનો માળખો પ્રિ-મોન્સુન સમયગાળામાં ન તોડવા રાજય સરકાર દ્વારા કરવામાં આવેલ સુચનનો પણ ઉલાળીયો કરાયો હોવાનું જાણવા મળેલ છે.

## મનપાની સ્ટેન્ડિંગ બેઠકમાં ત્રણ મહિના બાદ કામકાજનો ધમધમાટ

# રાજકોટના કોઠારીયા, મોરબી રોડ સહિતના વિસ્તારમાં નવા રોડ સહિતની ૬૮ દરખાસ્તો

## ચેરમેન જયમીન ઠાકરે ફરી કેટલીક દરખાસ્તો પર નજર લગાવી.!?



ભારત હેડલાઈન, તા.૧૭

લોકસભાની સૌથી લાંબી ચૂંટણી આચારસંહિતા પૂરી થયા બાદ ત્રણ મહિને સ્ટે.કમીટીની મીટીંગમાં નિર્ણયો લઈ શકાશે. ચેરમેન જયમીન ઠાકરે આવતીકાલ તા. ૧૮ના રોજ મંગળવારે સવારે સ્થાયી સમિતિની મીટીંગ બોલાવી છે. જેમાં અગાઉથી પેન્ડીંગ રહેલી સહિતની કુલ ૬૮ દરખાસ્તો પર નિર્ણયો કરવામાં આવશે. ટીઆરપી અગ્નિકાંડની ઘટના બાદ પૂરા શહેરમાં ફાયર સેફટી માટે કડક પગલા લેવાઈ રહ્યા છે ત્યારે મનપાની શિક્ષણ સમિતિ હસ્તકની ૨૬ શાળાઓ અને સમિતિના મુખ્ય બિલ્ડીંગ મળી કુલ ૨૭ મકાનો માટે ફાયર સેફટી સિસ્ટમ બેસાડવા અને એનઓસી રીન્યુ કરવા માટે ૫૪ લાખનો ખર્ચ કરવાનો પ્રસ્તાવ આવ્યો છે. સરકારની સૂચનાથી મનપાએ પુરા શહેરમાં ફાયર સેફટી ડ્રાઈવ ચલાવી શાળા, હોસ્પિટલ, વાડીઓ સહિતની ઈમારતો મોટી સંખ્યામાં સીલ કરી છે. તે બાદ મુદત આપીને સાધનો મુકવા અને એનઓસી રીન્યુ કરાવવા મુદત આપેલી છે. પરંતુ સાધનો બેસાડવા, રીન્યુ પ્રક્રિયા કેટલી મુશ્કેલ અને લાંબી છે તેનો અંદાજ એ વાત પરથી પણ આવે છે કે ખુદ મહાપાલિકા આટલા દિવસો બાદ સમિતિની શાળાઓમાં સાધનો મુકવા કાર્યવાહી કરી રહી છે.

સરકારની ગાઈડલાઈન પરથી પ્રાથમિક શાળાઓ કે જેનું ક્ષેત્રફળ ૫૦૦ ચો.મી. કે તેથી વધુ હોય તેવી સ્કુલમાં ફાયર સેફટીની સુવિધા તાત્કાલીક ધોરણે ફીટ કરવા કમિશ્નરે કાર્યવાહી કરાવી છે. કમિશ્નર ડી.પી.દેસાઈએ મોકલેલી દરખાસત મુજબ શિક્ષણ સમિતિની ૨૬ શાળાઓ અને સમિતિની કચેરી મળી ૨૭ બિલ્ડીંગનો સર્વે કરાતા આ ૫૦૦ ચો.મી.થી વધુ ક્ષેત્રફળવાળા બિલ્ડીંગમાં ફાયર સિસ્ટમ ઈન્સ્ટોલ કરવા માટે ૪૫.૦૯ લાખના ખર્ચનો અંદાજ નીકળ્યો છે. ઉપરાંત ૨૦૨૧-૨૨માં ૯ મીટરથી ઉંચાઈવાળી ૧૦ સ્કુલમાં ફાયર સેફટીના એનઓસી લેવાયા

### શિક્ષણ સમિતિની ૨૬ શાળા-કચેરીમાં ફાયર સિસ્ટમ બેસાડાશેઃ ઓફિસે NOC રીન્યુ ન કરાવ્યા!

### સલામતી માટે હવે ખુદ કચેરી દોડીઃ વિનોદભાઈ શેઠ હોલનું ૫.૫૬ કરોડના ખર્ચે નવનિર્માણ થશે

બાદ રીન્યુ ન થયાનું ખુલ્યુ છે. અમુક સાધનો બંધ હાલતમાં હોય ત્યાં પણ ૯ લાખ મળી કુલ ૫૪.૦૯ લાખનો ખર્ચ થવા શાસનાધિકારીએ પત્ર લખ્યો હતો. આ સિસ્ટમ બેસાડવા શાળા બોર્ડને ૧૦૦ ટકા નોનગ્રાન્ટેબલ ખર્ચ પેટે આ રકમ ચુકવવા સ્ટે.કમીટી પાસે મંજૂરી માંગવામાં આવી છે. શહેરના વોર્ડ નં.૧૭માં કોઠારીયા મેઈન રોડ પર વિનોદભાઈ શેઠ કોમ્યુનિટી હોલ આવેલો છે. આ હોલનું નવીનીકરણ કરવા ૪.૭૧ કરોડનું ટેન્ડર બહાર પડાયું હતું. ૫૪૨ ચો.મી. એરીયામાં ગ્રાઉન્ડ+૩ ફલોરનું ફ્રેમ સ્ટ્રકચર બિલ્ડીંગ બનાવવા આશીષ કન્સ. કંપનીએ ભાવોભાવ કામ કરવા તૈયારી દર્શાવી છે. ૪.૭૧ કરોડના ખર્ચ અને ૮૪.૮૧ લાખ જીએસટી સહિત ૫.૫૬ કરોડના ખર્ચે આ કામ એજન્સીને આપવા કમિશ્નરે દરખાસ્ત મોકલી છે. વોર્ડ નં.૨માં અલ્કાપુરી સોસાયટી ૧, ૨, ૩, ૯ તથા ૧૨માં સાઈડ પડખામાં પેવીંગ બ્લોક કરવાનું ૩૩.૯૦ લાખનું કામ ડિમ્પલ જે. પાનસુરીયા એજન્સી ૨૪.૯૬ ટકા ઓછા ભાવે કરી આપશે. આ કામ મનપાને ૨૫.૪૩ લાખમાં કરી આપવા દરખાસ્ત આવી છે જેનો જીએસટી સહિતનો ખર્ચ ૩૦ લાખ થશે. કાલની કમીટીના એજન્ડા પર કુલ ૬૮ દરખાસ્ત રહેલી છે. જુદા જુદા વિસ્તારમાં રસ્તાના કામ, મોટા મવાના સ્મશાનમાં ગેસ આધારીત સિસ્ટમ, વેસ્ટ ઝોનમાં બલ્ક ફલો મીટર, વોર્ડ નં.૧૮માં ડામર, ડ્રેનેજ, રીકાર્પેટ સહિતના કામો, જેટકો ચોકડીએ ભૂગર્ભ ગટર (વોર્ડ નં.૧૧), આજી ડેમ રામવન ગેટ સામે બ્લોક પ્લાન્ટેશન, વોર્ડ નં.૪માં ટીપી રોડ પેવરથી મઢવા, રેલનગરમાં જીએસઆર બનાવવા, ઝુ પાસે બનનારા લાયન પાર્ક માટે કમ્પાઉન્ડ વોલ અને ફેન્સીંગ વોલ બનાવવા, વોર્ડ નં.૧માં સત્યનારાયણ મેઈન રોડથી શીતલ પાર્ક સુધી ડ્રેનેજ લાઈન, વોર્ડ નં.૭માં સરદારનગર મેઈન રોડથી ડો.દસ્તુર માર્ગ પર પાકો વોંકળો બનાવવા વોર્ડ નં.૯માં સાધુ વાસવાણી રોડથી ગંગોત્રી પાર્ક મેઈન રોડ સુધી ડીઆઈ પાઈપલાઈન, વોર્ડ નં. ૧૮માં ડીઆઈ પાઈપલાઈન, મલ્ટીલેવલ પાર્કિંગ માટે સલાહકાર મુકવા, વોર્ડ નં.૧ ઘંટેશ્વર પાસે ડ્રેનેજ લાઈન, ડ્રેનેજ શાખા માટે મશીનરી ખરીદવા સહિતની દરખાસ્તો સામેલ છે. જોકે અમુક દરખાસ્ત અંગે ચેરમેન ઉંડો અભ્યાસ કરી રહ્યા છે અને અમુકમાં ઓપરેશન પણ કરશે તેવું માનવામાં આવે છે.

## જુલાઇ માસથી તરવૈયાઓ માટે પુલ બંધ

# રેસકોર્સ સ્વિમિંગ પુલનું રિનોવેશન થશે

## ૧૫૫૦ ચો.મી.માં નવી ટાઇલ્સ, ચિલ્ડ્રન શાવર રૂમ, કોચ રૂમ બંધાશે

ભારત હેડલાઈન, તા.૧૭

રાજકોટ શહેરની મધ્યમાં આવેલા અને સ્વીમર્સ માટે પ્રિય એવા રેસકોર્સ સ્વીમીંગ પુલમાં ટાઇલ્સ બદલવા, ચિલ્ડ્રન શાવર અને કોચ રૂમ બનાવવા સહિતનું રીનોવેશન નીકળ્યું છે. લાંબા સમયથી જરૂરી એવા આ કામના ટેન્ડર બહાર પડતા રૂા.૧.૦૭ કરોડના ખર્ચે આ કામ કરાવવા કાલે મંગળવારે મળનારી સ્ટે.કમીટીની બેઠકમાં દરખાસ્ત આવી છે.

રમત-ગમત, સાંસ્કૃતિક પ્રવૃતિને પ્રોત્સાહન આપતા ચેરમેન જયમીન ઠાકરના અધ્યક્ષ સ્થાને કાલે મીટીંગ મળનાર છે. કમિશ્નર દ્વારા આ બેઠકમાં રેસકોર્સ સ્વીમીંગ પુલમાં ચિલ્ડ્રન શાવર રૂમ, કોચ રૂમ બનાવવા તથા સ્વીમીંગ પુલની ટાઇલ્સ બદલવા માટેની દરખાસ્ત મોકલાઇ છે. આ કામ મંજૂર થાય અને શરૂ થાય એટલે જુલાઇ માસથી શરૂ થતી નવી ત્રિમાસિક બેચ રેસકોર્સના પુલ માટે ઓપન થશે નહીં. અન્ય સ્વીમીંગ પુલમાં સભ્ય પદ માટે કાર્યવાહી શરૂ થશે. પરંતુ રેસકોર્સમાં આ કામ શરૂ થનાર હોય, ઓછામાં ઓછા ત્રણ માસ તરવૈયાઓ માટે પુલ બંધ રાખવો પડશે. આ કામનો સમયગાળો વધી પણ શકે છે.



રેસકોર્સમાં ચિલ્ડ્રન અને મોટેરાઓના પુલમાં આ કામ માટે ૮૨.૦૫ લાખનું ટેન્ડર બનાવવામાં આવ્યું હતું. કુલ ૧૫૫૦ ચો.મી. વિસ્તારમાં ખાસ પ્રકારની પોર્સેલીન મોઝેક સ્વીમીંગ પુલ ટાઇલ્સ તથા ૧૩૨ ચો.મી. વિસ્તારમાં ચિલ્ડ્રન શાવર રૂમ, કોચ રૂમ બનાવવા આયોજન કરાયું છે. આ કામ માટે રી-ટેન્ડર બાદ છગનભાઇ વેલજીભાઇ તળપદા એજન્સીએ ૧૫.૫૫ ટકા વધુ ભાવ મુકતા વાટાઘાટોના અંતે ૧૧ ટકા ઓનથી કામ કરવા સંમતિ આપી છે.

એસ્ટીમેટ ઉપરાંત ઓન સહિત ૯૧.૦૭ લાખનું કામ અને ૧૮ ટકા જીએસટી (૧૬.૩૯ લાખ) મળી કુલ ૧ કરોડ ૭ લાખનું કામ મંજૂર કરવા સ્ટે.કમીટીને દરખાસ્ત મૂકાઇ છે. રેસકોર્સ પુલના નવીનીકરણની જરૂરીયાત ઘણા સમયથી લાગતી હતી. જરૂરી કાર્યવાહી પણ કરવામાં આવતી હતી. હવે કાલની મીટીંગમાં દરખાસ્ત આવી જતા તુરંતમાં રીનોવેશન શરૂ થશે તો ચાલુ વર્ષની બીજા કવાર્ટરની બેચ સભ્યો માટે બંધ કરાશે તેમ અધિકારીઓએ કહ્યું હતું.

પુલમાં અવારનવાર નાના મોટાને ટાઇલ્સ લાગી જતી હોવાની ફરિયાદ આવતી હતી તો ચિલ્ડ્રન ચેન્જ રૂમ માટે પણ રજુઆત હતી. હવે ચોમાસામાં કામ થાય અને તે બાદની બેચ ખુલે ત્યારે સભ્યોને નવો નકકોર પુલ મળશે.

# એક મહિના પછી લેન્ડ ગ્રેબિંગ કમિટીની બેઠક

ભારત હેડલાઈન, તા.૧૭

રાજકોટ શહેર અને જિલ્લામાં જમીનના ભાવ આસમાને પહોંચી ગયા છે જેના કારણે જમીન કૌભાંડો પણ વધી રહ્યાં છે ત્યારે જમીન કૌભાંડકારોને અંકુશમાં લેવા માટે રાજ્ય સરકાર દ્વારા લેન્ડગ્રેબીંગનો કાયદો બનાવવામાં આવ્યો છે અને આ કાયદા મુજબ જમીન કૌભાંડ અંગેની અરજીઓ લેન્ડગ્રેબીંગ કમીટી સમક્ષ મુકવામાં આવે અને તેમાં પુરાવાની તુલના કર્યા બાદ ગુના દાખલ કરવામાં આવે છે.



રાજકોટ જિલ્લા કલેકટર પ્રભવ જોષીના અધ્યક્ષસ્થાને બનેલી લેન્ડગ્રેબીંગ કમીટી દર મહિને મળે છે જેમાં ઓનલાઈન આવતી અરજીઓમાં પુરાવાની તુલના કરી તેના આધારે જે તે પોલીસ સ્ટેશનમાં આરોપીઓ સામે ગુના દાખલ કરવાની કાર્યવાહી કરવામાં આવે છે અને આ ગુનાની તપાસ ડીવાયએસપી કક્ષાના અધિકારીઓને સોંપવામાં આવે છે. રાજકોટ જિલ્લામાં દર મહિને બે વખત મળતી લેન્ડગ્રેબીંગ કમીટી ચૂંટણીના કારણે એક મહિના બાદ આવતીકાલે મળી રહી છે. જેમાં રાજકોટ શહેર અને જિલ્લાના જમીન કૌભાંડના ૭૦ જેટલા કેસો મુકવામાં આવ્યા છે. જેની પુરાવાની તુલના કર્યા બાદ જે ગુના દાખલ કરવાને લાયક હશે તે ગુના જે તે પોલીસ સ્ટેશનમાં દાખલ કરવામાં આવશે અને બાકીની અરજીઓ પુરાવાના અભાવે ફાઈલ કરી દેવામાં આવશે.

આવતીકાલે બપોરે સાડા ચાર કલાકે કલેકટર કચેરીમાં જ કલેકટર પ્રભવ જોષીના અધ્યક્ષ સ્થાને લેન્ડગ્રેબીંગ કમીટીની બેઠક મળવા જઈ રહી છે.

## ૧૫ દિવસથી શાકભાજીના ભાવ આસમાને પહોંચ્યા

# શાકભાજીના ભાવ રૂ.૧૦૦ના કિલો

## લોકલ આવક બંધ થતા અન્ય રાજયોમાંથી માલ ઠલવાયો

## વરસાદ બાદ ભાવ ઘટવાની શકયતાઃ ૨૦ ટકા માલનો બગાડ

ભારત હેડલાઈન, તા.૧૭

આ વર્ષે ઉનાળામાં ખુબ આકરો તાપ પડયો છે. લોકો ગરમીથી ત્રાહીમામ પોકારી ઉઠયા છે ત્યારે તાપની અસર લીલોતરી શાકભાજી પર પડી છે. છેલ્લા ૧૫ દિવસથી શાકભાજીના ભાવ આસમાને પહોંચ્યા છે. બીજી બાજુ લોકલ આવક બંધ થતા માલની અછત પણ સર્જાણી છે. વાતાવરણ ગરમ હોવાથી લોકલ પાકને અસર પડી છે. પાક બળી જવાનું પ્રમાણ વધુ રહેશે.

છેલ્લા કેટલાક સમયથી ભાવમાં મોટો ઉછાળો નોંધાયો છે. હાલ ટમેટા મહારાષ્ટ્ર અને ઉત્તરપ્રદેશ, ગુવાર મહારાષ્ટ્ર અને રીંગણા, ભીંડો, ચોરા, ગલકાની આવક ગુજરાતના અન્ય શહેરોમાંથી થઈ રહી છે. ૧૦ દિવસથી યાર્ડમાં આવક ઘટી છે.

માલ ખરાબ આવવાથી ભાવમાં વધારો થઈ રહ્યો છે. આ વર્ષે લીંબુના ભાવ સ્થિર રહ્યા હતા. ગત વર્ષે ૨૦૦થી ૩૦૦ના કિલોએ પહોંચેલ ભાવ આ વર્ષે ભાવ સ્થિર રહેવાથી ગૃહિણીઓને રાહત મળી હતી. પરંતુ અન્ય શાકભાજીના ભાવ સતત વધતા હાલાકી પડી રહી છે. લીંબુ અમદાવાદ, મદ્રાસથી આવી રહ્યા છે. માર્કેટ યાર્ડના વેપારીઓનું કહેવું છે કે, જયાં સુધી વરસાદ નહી



પડે ત્યાં સુધી ભાવ વધેલા રહેશે. આગામી ૨૫ જુન બાદ વરસાદની આગાહી છે. વરસાદ પડયા બાદ ખેડૂતો વાવણી શરૂ કરશે. તેના એક મહિના બાદ નવો પાક મળે છે.

શાકભાજીમાં લોકલ તમામ શાકભાજી રૂા.૧૦૦ના કિલો વહેંચાય રહ્યા છે. ત્યારે યાર્ડમાં પણ ભાવ ઉચ્ચા સ્તરે છે. લીંબુ રૂા.૪૦-૮૫, ટમેટા રૂા.૧૦-૨૫, કોથમરી રૂા.૩૫-૫૦, રીંગણા રૂા.૩૦-૪૦, કોબીચ, રૂા.૫-૧૫, ફલાવર રૂા.૧૦-૩૦ ભીંડો રૂા.૨૦-૫૫, ગુવાર રૂા.૭૫-૧૦૦, ચોળા સીંગ રૂા.૭૦-૯૫, કારેલા રૂા.૩૫-૫૦, મેથી રૂા.૬૦-૮૦, આદુ રૂા.૧૨૦-૧૩૦, મરચા રૂા.૩૦-૫૦ના કિલો વહેંચાયા હતા. હાલ ૯૦ ટકા કોથમરી, મેથી, પાલકનો માલ મધ્યપ્રદેશથી આવી રહ્યો છે.

# રાજકોટની બેકબોન હોસ્પિટલમાં મૂળજીભાઈ ઘેટીયા પરિવાર દ્વારા કરાયું દેહદાન

## • ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન ના અવિરત પ્રયાસ થી ૨ દેહદાન એઈમ્સ હોસ્પિટલ ખાતે મોકલવામાં આવ્યા



ભારત હેડલાઈન, તા.૧૭

ભારતમાં ખાસ કરીને ગુજરાતમાં માણસનાં મૃત્યુ પછી ચક્ષુદાન, અંગદાન કે દેહદાન કરવાની જાગૃતિ ખુબ ઓછી છે. સમાજિક કે ધાર્મિક બંધનોમાં રહીને વ્યક્તિ આ અંગે કોઈ પહેલ કરતો નથી. મૃત્યુ પછી શરીર નીશ્ચેસ્ટ બની જાય છે. આવા સમયે શરીરમાં રહેલા અંગો દુનિયામાં વાસ કરી રહેલા કોઈ બીમાર કે નિ:સહાય વ્યક્તિને કામ આવી શકે છે. શરીરનાં અવયવોનું દાન સ્ત્રી-પુરુષ બંને કરી શકે છે. તેને કોઇ પણ ઉંમર, ધર્મ કે જાતિ સાથે કોઇ નિસબત નથી. કોઇ ભેદભાવ નથી. કોઇ પણ વ્યક્તિ અંગદાન કરી શકે છે. બ્રેઈન ડેડ થયેલ દર્દીએ અંગદાન કર્યું હોય તો ટ્રાન્સપ્લાન્ટની ટીમ બ્રેઈન ડેડ દર્દીનું તબીબી પરીક્ષણ કરીને અવયવોનું દાન કરવા યોગ્ય છે કે નહીં તે તપાસીને તેની ચકાસણી કરે છે. શરીરમાંથી અવયવ બહાર કાઢીને તેનું પ્રત્યારોપણ કરવું એ એક વ્યવસ્થિત પ્રક્રિયા છે.તેમાં શરીરનું બિનજરૂરી ડિસેક્શન કરવામાં આવતું નથી. તેના લીધે અંતિમવિધિમાં કોઇ પણ પ્રકારની અડચણ થતી નથી. અંગદાનને મહાદાન કહેવામાં આવ્યું છે, કારણ કે તેનાંથી આ દુનિયામાંથી જતા જતા પણ કોઈ અન્ય મનુષ્યનું જીવન અમર બનાવી શકાય છે. ખીરસરા (ઘેટિયા) ના મૂળ વતની હાલ રાજકોટ નિવાસી સ્વ મૂળજીભાઈ બાવનજીભાઈ ઘેટીયા તે ગં.સ્વ. પ્રભાબેન મૂળજીભાઈના પતિ, તે સ્વ. નાથાલાલ બાવનજીભાઈ ઘેટિયાના નાનાભાઈ, તે ડો. સંદીપ ઘેટીયા ( પી.ડી. માલવિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજ, રાજકોટ), દક્ષાબેન (કસ્તુરબા વિદ્યાલય રાજકોટ), ધર્મિષ્ઠાબેન (વડોદરા), ફાલ્ગુનીબેન (રાજકોટ) ના પિતાશ્રી, તે ડો.હિમાક્ષી ખીલનકુમાર ઉનડકટ અને ડો. જય ઘેટિયાના દાદાજી, તે સાધના સંદીપ ઘેટીયા (એસએનકે સ્કૂલ), પ્રવીણ કુમાર દઢાણીયા, હસમુખકુમાર ભાલોડી અને ભાવેશકુમાર બોડા (પટેલ) ના સસરા એમની બેકબોન હોસ્પિટલમાં સારવાર ચાલતી હતી.તે અંતરગત મૂળજીભાઈને મૃત જાહેર કર્યા એટલે તેમના પરિવારે અને ભાવનાબેન મંડલીના સહકારથી દેહદાન કરવામાં આવ્યું હતું. જે એઈમ્સ હોસ્પિટલ ખાતે મોકલવામાં આવ્યું. જે એનોટોમી વિભાગ દ્વારા સ્વીકાર કરવામાં આવેલ છે. જેમાં ડોક્ટરની ટીમ અને પરિવારના સભ્ય હાજર રહ્યા હતા. આ કાર્યમાં હોસ્પિટલનાં તમામ ડો.મેડિકલ સ્ટાફ તથા નર્સિંગ સ્ટાફ પણ એટલી જ લાગણી સાથે ભાવુક બની સેવા કાર્યમાં ખડે પગે રહ્યા હતા. હોસ્પિટલનાં ક્રિટીકલ કેર સ્પેશિયાલિસ્ટ ટીમ ડો અંકુર પંચાણી ,ડો અંકુશ પંચાણી ,ડો. ઉમેશ ગોસ્વામી ,ડો. રાજેશ મોરીઓ ,ડો. રાજ વ્યાસ ,ડો. ટીનકલ કોરાટ સહિતનાઓએ જહેમત ઉઠાવી હતી. હોસ્પિટલમાં મૂળજીભાઈના સમગ્ર પરિવાર હાજર રહ્યો હતો.

## જૈન સમાજના જીવદયા પ્રેમી ડો. ગિરીશ શાહના સંકલન થકી

# દાતા ચંદ્રકાન્ત ગોગરી દ્વારા બ્રેકર સાથે હિટાચી મશીનનું ગીરગંગા પરિવાર ટ્રસ્ટને અર્પણ

ભારત હેડલાઈન, તા.૧૭

સૌરાષ્ટ્ર ગુજરાતમાં અલગ-અલગ જીલ્લામાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ૧૮૦ થી વધુ ચેકડેમ રિપેરિંગ, ઊંડા અને ઊંચા કરવા તેમજ નવા બનાવેલ છે. જેનાથી વરસાદી પાણી વિશાળ જથ્થામાં રોકયેલ છે. તેમજ આર્થિક દ્રષ્ટીએ જોઈએ તો ખેડૂતોને ખુબજ આર્થિક મોટો ફાયદો થવાથી પશુ પક્ષી અને જીવજંતુને સર્વેની રક્ષા થઈ રહી છે. ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ૧૧,૧૧૧ ચેકડેમો તૈયાર કરવાનો તેમજ બોર રીચાર્જ કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે. સૌરાષ્ટ્ર ગુજરાતમાં ૧૧,૧૧૧ ચેકડેમો બનાવવાનો ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા દ્રઢ સંકલ્પને સાકાર કરવા ૧૦૦ હિટાચી મશીનની જરૂરીયાત હોઈ તેમાં જૈન સમાજના જીવદયા પ્રેમી ડો. ગીરીશભાઈ શાહના સંકલન થકી ચંદ્રકાન્તભાઈ ગોગરી-આરતી ફાઉન્ડેશન દ્વારા એક બ્રેકર સાથે હિટાચી મશીનનુ દાન મળ્યું છે. જેનું લોકાર્પણ, વેજાભાઈ રાવલીયા 'સીઝન્સ હોટેલ, અવધ રોડ, કાલાવડ રોડ ખાતે પરમ પૂજયશ્રી પરમાત્માનંદ સરસ્વતીજીના વરદ હસ્તે મહાનુભાવોની હાજરીમાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટ ને અર્પણ કરેલ છે. સમારોહમાં આંતરરાષ્ટ્રીય કન્વીનર હિન્દુ ધર્માચાર્ય મહાસભા પરમ પૂજ્યશ્રી પરમાત્માનંદ સરસ્વતીજી એ વરસાદી પાણી એ કુદરતી અમુલ્ય ભેટ છે તેને પ્રસાદ રૂપે જતન કરવું જોઈએ




અને આ કાર્ય માં વધુમાં વધુ લોકો જોડાય તેવા આશીર્વચન આપ્યા હતા. ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા એ જણાવેલ કે સરકાર શ્રી માં જોડાયેલા દરેક લોકો આ કાર્ય ને સહયોગ આપે અને આ કાર્ય વધુ માં વધુ સરળ બને તેના માટે ખાતરી આપી છે ડો.ગીરીશભાઈ શાહ દ્વારા લોકોને ખુબ સરસ મજાની યોજના દ્વારા વરસાદી પાણી ને વધુમાં વધુ જમીન માં ઉતારવા ઉધોગપતિ ઓએ પોતાની ઈન્ડસ્ટ્રી ના નામે ટેકટર,ડમ્પર જેસીબી,હિટાચી,જેવા સાધનો ગીરગગા પરિવાર ટ્રસ્ટ ને ભેટ આપીને વરસાદી પાણી બચાવવા માટેની યોજના સમજાવી હતી.

# રાજકોટ સિટી પોલીસ અને જ્યોતિ CNC આયોજિત ૧૨મી ઓપન ગુજરાત ફૂટબોલ ચેમ્પિયનશીપ સંપન્ન




## જામનગરની ટીમ વિજેતા બનીઃ રૂા.૫૧ હજારનું રોકડ પુરસ્કાર તેમજ ટ્રોફી એનાયત

ભારત હેડલાઈન, તા.૧૭

રાજકોટ સીટી પોલીસ અને જ્યોતિ સીએનસી આયોજિત ૧૨મી ઓપન ગુજરાત ફૂટબોલ ચેમ્પિયનશીપ યોજાઈ હતી. આ ટૂર્નામેન્ટમાં રાજ્યની નામાંકિત ૨૯ ટીમોએ ભાગ લીધો હતો. રેસકોર્ષના ફટબોલ ગ્રાઉન્ડ પર તા.૯-૬-૨૦૨૪થી શરૂ થયેલી ડે એન્ડ નાઈટ ફૂટબોલ ટૂર્નામેન્ટમાં ફૂટબોલ ફેડરેશનના માન્ય રેફરી, ટેકનિકલ સભ્યોએ સેવા આપી હતી. તા.૧૬ને રવિવારે ટૂર્નામેન્ટનો ફાઈનલ મેચ રમાયો હતો. ફાઈનલ મેચમાં જામનગરની એચ.આર. માડમ ટ્રસ્ટની ટીમે ગાંધીનગર ફૂટબોલ કલબને ૪-૧થી પરાજિત કરી ૧૨મી સિઝનનો કપ કબજે કર્યો હતો. ચેમ્પિયન બનેલી જામનગરની ટીમને રૂ.૫૧ હજારનું રોકડ પુરસ્કાર તેમજ ટ્રોફિ, રનર અપ બનેલી ટીમને રૂ.૩૫ હજારનું રોકડ પુરસ્કાર અને ટ્રોફિ, તેમજ ત્રીજા અને ચોથા સ્થાનમાં રહેલી અમદાવાદની સેંટ જોસેફ ટીમ, રાજકોટ વાયસીસી ટીમને પણ ટ્રોફી, રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ચેમ્પિયન અને રનર અપ ટીમને જ્યોતિ સીએનસીના ડિરેકટર વિક્રમસિંહ રાણા, એસીપી જાદવ સહિતના અધિકારીઓના હસ્તે ટ્રોફી આપવામાં આવી હતી. રાજકોટ શહેર પોલીસના ડીસીપી ડો.પાર્થરાજસિંહ ગોહિલના માર્ગદર્શન હેઠળ એસીપી એમ.આઈ. પઠાણ, એસીપી જે.બી.ગઢવી, એસીપી બી.વી.જાદવ, આરપીઆઈ એમ.બી. મકવાણા, અનિલ દવે, પૂનમ પંડિત, સંજય પંડયા, પરેશ સોઢા, અસ્લમ બ્લોચ, જ્યોતિ સીએનસીના કૌશિકભાઈ સોલંકી, અહેસાસ ટ્રસ્ટના નિશ્ચલ ભાઈ સંઘવી, મિતેશભાઈ શાહ, રાજકોટ ડિસ્ટ્રિકટ ફૂટબોલ એસો.ના રોહિત બુંદેલા, અમૃતલાલ બહુરાશી, જયેશ કનોજિયા તેમજ ફટબોલના સિનિયર-જૂનિયર ખેલાડીઓએ ટૂર્નામેન્ટમાં જહેમત ઉઠાવી હતી.

# ધો.૧૦ની પૂરક પરીક્ષાની હોલ ટિકિટ બોર્ડની વેબસાઈટ પર મૂકાઈ

● શાળાનો નોંધાયેલ મોબાઈલ નંબર-ઈ-મેઈલ આઈ.ડી.દ્વારા લોગીન કરી ડાઉનલોડ કરી શકાશે

ભારત હેડલાઈન, તા.૧૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૨૪ની ધો.૧૦ની પરીક્ષામાં એક, બે, અથવા ત્રણ વિષયમાં ગેરહાજર રહેનારા અને નાપાસ થયેલા ઉમેદવારો તેમજ સ્ટાન્ડર્ડ ગણિત(૧૨) વિષયના પુથક ઉમેદવારોની પૂરક પરીક્ષા તા.૨૪/૬થી શરૂ થનાર છે. પરીક્ષાર્થીઓના પ્રવેશપત્ર (હોલટિકિટ) તા.૧૫થી બોર્ડની વેબસાઈટ ssc.gsebht.in, અથવા gsebht.in, અથવા gseb.org પરથી શાળા દ્વારા શાળાનો ઈન્ડેક્ષ નંબર તથા શાળાનો નોંધાયેલ મોબાઈલ નંબર અથવા ઈ-મેઈલ આઈ.ડી.દ્વારા લોગીન કરી ડાઉનલોડ કરી શકાશે.

પ્રવેશપત્ર (હોલટિકિટ)ની પ્રિન્ટ કાઢીને પરીક્ષાર્થીના પૂરક-૨૦૨૪ પરીક્ષાના આવેદન મુજબ વિષય/ વિષયો અને માધ્યમની ખરાઈ કરીને પ્રવેશપત્ર (હોલટિકિટ)માં નિયત કરેલ જગ્યાએ પરીક્ષાર્થીનો ફોટો ચોટાડી, પરીક્ષાર્થીની સહી, પરીક્ષાર્થીના વર્ગ શિક્ષકની સહી તેમજ નિયત જગ્યાએ આચાર્યનો સહી-સિક્કો (અડધી સહી અને સિક્કો ફોટા પરણ આવે તે રીતે) કરીને પરીક્ષાર્થીઓને આપવાની રહેશે. પ્રવેશપત્ર (હોલટિકિટ) સાથે પરીક્ષા માટેની ધોરણ-૧૦ની સૂચના (નં.૧ થી ૧૩) પ્રવેશપત્ર (હોલટિકિટ)ના પાછળના ભાગે પ્રિન્ટ કરી પરીક્ષાર્થી અને આચાર્યની સહી સાથે ફરજિયાત આપવાની રહેશે. પ્રવેશપત્ર (હોલટિકિટ) સાથે ઓનલાઈન મૂકવામાં આવેલ વિતરણ યાદીમાં પ્રવેશપત્ર (હોલટિકિટ)તથા સૂચના પ્રત આપ્યા બદલની પરીક્ષાર્થીની સહી લેવાની રહેશે. જેની તમામ સંબંધિતોને નોંધ લેવા અને સમયમર્યાદામાં જરૂરી કાર્યવાહી કરવા જણાવાયું છે.પરીક્ષાર્થીઓના આવેદન તથા પરીક્ષાર્થીના પ્રવેશપત્ર (હોલટીકીટ)માં દર્શાવેલ વિષય/વિષયો બાબતે કોઈ વિસંગતતા જણાય તો બોર્ડની ગાંધીનગર કચેરી ખાતેની માધ્યમિક શાખાનો જરૂરી આધારો સાથે દિન-૩માં સંપર્ક કરવાનો રહેશે.

# પુરવઠાનું સર્વર વધુ એકવાર ડાઉનઃ રાજયભરમાં દેકારો

ભારત હેડલાઈન, તા.૧૭

વારંવાર 'ડાઉન' થવા માટે કુખ્યાત બની ગયેલુ પુરવઠા વિભાગનું સર્વર ફરી એકવાર છેલ્લા ચાર દિવસથી ઠપ્પ થઈ ગયુ હોય રાજયભરમાં વિતરણ વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે. અને વેપારીઓ તથા લાખો લાભાર્થીઓમાં ભારે દેકારો સર્જાયો છે.

આ અંગેની પ્રાપ્ત વિગતો મુજબ છેલ્લા ચાર દિવસથી રાજકોટ સહિત રાજયભરમાં પૂરવઠાનું સર્વર ઠપ્પ થઈ જતા ફરી એકવાર વેપારીઓને,લાભાર્થીઓ સાથે સંઘર્ષમાં ઉતરવાનો સમય આવ્યો છે.વેપારી વર્તુળોનાં જણાવ્યા મુજબ ડાઉન થવા માટે તહેવારોની રાહ જોતું સર્વર ફરીથી છેલ્લા ચાર દિવસથી ધાંધિયા કરી રહ્યું છે.

કાળઝાળ ઉકળાટ વચ્ચે લોકો રોજે વાજબી ભાવની દુકાનના ધક્કા ખાય રહ્યા છે.ગરીબ પરીવારને સરકાર અનાજ વિતરણ કરવા આધુનિક ઓનલાઇન બીલીંગ સિસ્ટમ દ્વારા લાભાર્થીની આધાર આધારિત ઓળખ પ્રસ્થાપીત કરીને અનાજ પહોંચાડી રહી છે ત્યારે આ સિસ્ટમમા રહેલી ખામીને કારણે વારંવાર ગરીબ લાભાર્થીઓ તથા વાજબી ભાવના દુકાનદારો ખૂબ જ યાતનાઓ ભોગવી રહ્યા છે.

મહિનામાં જેવો વિતરણનો માહોલ શરૂ થાય સર્વર તુરંત જ પોતાનુ નૃત્ય શરૂ કરી દે છે પરીણામે લોકો મજુરી મુકીને રોજે રોજ અનાજની લાઈનમા ઊભા રહેવા મજબુર બને છે.કરોડો રૂપિયાના આંધણ પછી પણ સરકારની આ ઓનલાઇન સિસ્ટમ ક્યારેય સરખી ચાલતી નથી , વર્ષ ૨૦૧૧ બાદ બિલિંગ સિસ્ટમનુ કોમ્પ્યુટરીકરણ થયા પછી ખાસ કરીને સપ્લાયના પ્રોગ્રામને આધાર ના સરવર સાથે જોડવામાં આવ્યા પછી સર્વર ડાઉન ની સમસ્યા વારંવાર ઉત્પન્ન થાય છે તેના કારણે ગરીબ પેટીયુ રડતા મજૂરો પિસાતા રહ્યા છે.

# R.T.O.નો ડ્રાઈવિંગ ટ્રેક ફરી એકવાર આજે બંધ!




● દરવખતની જેમ આ વખતે પણ ટેકનિકલ બહાનું

ભારત હેડલાઈન, તા.૧૭

ફરી એકવાર ટેકનિકલ બહાના હેઠળ આવતીકાલે મંગળવારે રાજકોટ આર.ટી.ઓ.કચેરીનો ડ્રાઈવિંગ ટ્રેક બંધ રહેનાર છે.જેથી કાલની તારીખે ટેસ્ટ દેવા આવનાર અનેક અરજદારોને વધુ એકવાર હેરાનગતી થશે પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી રાજકોટનાં જણાવ્યા અનુસાર રાજકોટ જિલ્લાની મોટરીંગ પબ્લીકને જણાવવાનું કે આર.ટી.ઓ. રાજકોટ ખાતે કાર્યરત ઓટોમેટેડ ડ્રાઈવીંગ ટેસ્ટ ટ્રેક તા.૧૮/૦૬/૨૦૨૪ મંગળવારના રોજ ટેકનીકલ કારણોસર બંધ રહેશે. આથી આ સમયગાળા દરમિયાન જે અરજદારોશ્રીઓએ ટેસ્ટ ટ્રેકની અપોઈન્ટમેન્ટ લીધેલ છે, તેમની અપોઈન્ટમેન્ટ અત્રેની કચેરી દ્વારા રી-શીડયુલ કરી આપવામાં આવેલ છે. જેની જાહેર જનતાએ નોંધ અત્રે ઉલ્લેખનીય છે કે ગત ખાસ દરમ્યાન પણ આર.ટી.ઓનું સર્વર પખવાડિયા સુધી ઠપ્પ રહ્યું હતું.આથી રાજકોટ સહિત રાજયભરમાં ડ્રાઈવિંગ ટ્રેક પણ બંધ રહેતા લાખો વાહન ચાલકો હેરાન થયા હતાં.

# રામવન સામે નવું મીની વન બનાવાશે

## ૮૦ હજાર પ્લાન્ટસની નિભાવણી માટે રૂ.૮૨ લાખનો નવો કોન્ટ્રાકટ આપવા દરખાસ્ત

ભારત હેડલાઈન, તા.૧૭

શહેરના વોર્ડ નં. ૧૫માં આજી ડેમ પાસેના રામવન ગેટ સામે સરકારમાંથી મળેલી જગ્યામાં બ્લોક પ્લાન્ટેશન કરાવવા કાલની સ્ટે.કમીટીની મીટીંગમાં દરખાસ્ત મુકવામાં આવી છે. રામવન સામે આ રીતે મીયાવાંકી જેવું મીની ફોરેસ્ટ ઉભુ કરવામાં આવશે.

આ ઉપરાંત અર્બન ફોરેસ્ટ રામવનની નિભાવણી તથા શાખાની અન્ય કામગીરી માટે મજુર સપ્લાયનો બે વર્ષનો કોન્ટ્રાકટ પણ કરવામાં આવશે. શહેરના નાગરિકોને પ્રદુષણથી દુર રમણીય અર્બન ફોરેસ્ટ આજી ડેમ ડાઉન સ્ટ્રીમમાં ૪૭ એકરમાં મળ્યું છે. જેમાં ૮૧થી વધુ વિવિધ પ્રજાતિના કુલ ૮૦ હજારથી વધુ પ્લાન્ટસ, પામ, એવન્યુ ટ્રી વગેરેનું વાવેતર કરવામાં આવ્યું છે. જેની બે વર્ષની જાળવણીનો નવો કોન્ટ્રાકટ આપવા ૮૨.૨૫ લાખનું




ટેન્ડર કરવામાં આવ્યું હતું. રી-ટેન્ડરમાં પી.એમ. એન્ટરપ્રાઇઝે ભાવોભાવ કામ કરવા તૈયારી દર્શાવી છે. આ એજન્સીને કામ આપવા સ્થાયી સમિતિમાં દરખાસ્ત આવી છે.

વોર્ડ નં.૧માં લાખના બંગલાવાળા રોડ પર સત્યનારાયણનગર મેઈન રોડથી શીતલ પાર્ક મેઈન રોડ સુધી ડ્રેનેજ લાઇન અપગ્રેડેશન માટે ૫૫.૪૦ લાખના ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હતા. જેમાં ચકુભાઇ હિરાભાઇ પરમારે પાંચ ટકા ઓનથી કામ કરવા સૌથી નીચી ઓફર આવતા જીએસટી સહિત ૬૮.૬૪ લાખના ખર્ચે આ કામ કરાવવામાં આવશે.

પ્રદ્યુમન પાર્ક ઝુ ખાતે લાયન સફારી પાર્ક માટે કમ્પાઉન્ડ વોલ તેમજ ચેઈન લીંક ફેન્સીંગ દિવાલ બનાવવાના કામની દરખાસ્ત પણ આવી છે. બેઠકમાં ગત વખતની પેન્ડીંગ કર્મચારીઓને મેડીકલ સહાયની દરખાસ્ત પણ જોડવામાં આવી છે.

# જૂના એરપોર્ટનું લાયસન્સ સરેન્ડર થઈ ગયું હોવા છતાં કોર્પોરેશન નિયમ સુધારતી નથીઃ બિલ્ડરોને ભારે હેરાનગતિ

- ઉડ્ડયનમંત્રી રામમોહન રાયડુને મળતા રાજકોટના બિલ્ડરો
- હિરાસર એરપોર્ટ ચાલુ થઈ ગયાને એકાદ વર્ષ થઈ જવા છતાં જૂના નિયમો પીછો છોડતા નથી
- બિલ્ડીંગ પ્રોજેક્ટોમાં જૂના એરપોર્ટની NOC હજુ ફરજિયાત! બિલ્ડરોની કેન્દ્રમાં ધા




ભારત હેડલાઈન, તા.૧૭

રાજકોટમાં નવુ હિરાસર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ શરૂ થયાને એકાદ વર્ષ જેવો સમય થઈ ગયો હોવા છતાં અને જુનુ એરપોર્ટ બંધ થવા છતાં કોર્પોરેશન દ્વારા બિલ્ડીંગ પ્રોજેક્ટ પ્લાન માટે 'એનઓસી' માંગવામાં આવી રહ્યું છે. બિલ્ડરોને યોગ્ય ઉંચાઈના લાભ મળી શકતા ન હોવા સહિત અનેકવિધ હેરાનગતિનો સામનો કરવો પડી રહ્યો છે ત્યારે આ પ્રશ્નનો વ્હેલીતકે ઉકેલ લાવવા રાજકોટના બિલ્ડરોએ કેન્દ્રીય નાગરિક ઉડ્ડયનમંત્રીને રૂબરૂ રજુઆત કરી હતી. આ માટે જરૂરી સૂચના ઈસ્યુ કરવા માંગણી કરી હતી. રાજકોટ બિલ્ડર એસોસીએશનના ઉપપ્રમુખ ધ્રુવિક તળાવીયા, કમલ સોનવાણી તથા પ્રિતેશ પીપળીયા શનિવારે કેન્દ્રીય નાગરિક ઉડ્ડયનમંત્રી રામમોહન નાયડુને મળ્યા હતા અને બિલ્ડરોને પડતી મુશ્કેલીઓ વર્ણવીને વ્હેલીતકે ઉકેલ લાવવા માંગ કરી હતી. કેન્દ્રીય મંત્રીએ સપ્તાહમાં જ યોગ્ય સૂચના-પ્રક્રિયા કરવાની બાંહેધરી આપી હતી. રાજકોટના બિલ્ડરોએ કેન્દ્રીયમંત્રી નાયડુને લેખિત રજુઆતમાં જણાવ્યું હતું કે નવા હિરાસર એરપોર્ટના નિર્માણ સાથે જ રાજકોટનું જૂનુ એરપોર્ટ ૧૦ સપ્ટેમ્બરથી બંધ કરી દેવામાં આવ્યું હતું. આ જુના એરપોર્ટનું લાયસન્સ પણ સરેન્ડર કરી દેવાયુ હતું. ડીરેકટોરેટ જનરલ ઓફ સીવીલ એવીએશને ૧૭ નવેમ્બર ૨૦૨૩ના રોજ લાયસન્સ સરેન્ડરની દરખાસ્ત સ્વીકારી પણ લીધી હતી. આ પ્રક્રિયાને સાત-આઠ મહિના જેવો લાંબો સમય થઈ ગયો હોવા છતાં જુના એરપોર્ટને હજુ નોકાસ (નો-ઓબ્જેકશન સર્ટીફીકેટ એપ્લીકેશન સીસ્ટમ) વેબસાઈટમાંથી હટાવવામાં આવ્યુ નથી. પરિણામે કોર્પોરેશન દ્વારા બિલ્ડીંગ પ્રોજેકટ પ્લાન માટે જુના એરપોર્ટ તરફથી એનઓસીનો આગ્રહ કરી રહ્યા છે. જુના એરપોર્ટ આસપાસના વિસ્તારોમાં બિલ્ડીંગ પ્રોજેકટ માટે એનઓસીમાંથી મુક્તિ આપતી સુચના જારી કરવા ઉપરાંત નાકોસ વેબસાઈટમાંથી જુના એરપોર્ટને હટાવવા અને તે સંબંધી ગેઝેટમાં નોટીફીકેશન પ્રકાશિત કરવાની તેઓએ માંગણી રજુ કરી હતી. બિલ્ડરોએ કહ્યું કે ચુંટણી પુર્વે પણ આ મામલે દિલ્હીમાં સંબંધીત અધિકારીઓને રૂબરૂ રજુઆત કરવામાં આવી હતી છતાં કોઈ નિવેડો ન આવતા નવી સરકારના ગઠન સાથે કેન્દ્રીય ઉડ્ડયન મંત્રીને જ રજુઆત કરી હતી. તેઓએ વ્હેલીતકે ઉકેલ લાવવાની ખાતરી આપી હતી.

## કેન્સર ક્લબના સભ્યોએ કેશોદના અજાબ ગામની લીધી મુલાકાત

ભારત હેડલાઈન, તા.૧૭

કેન્સર ક્લબના સભ્યોએ કેશોદથી ૧૭ કિલોમીટર દૂર અજાબ ગામની કેન્સર અવેરનેસ અંગે અને વધતા કેન્સરમાં જંતુનાશક દવાઓના ઉપયોગ અંગે એક મુલાકાત કરી હતી. અજબ ગામના મંત્રી પાસેથી જાણવા મળ્યું કે હાલમાં ગામની વસ્તી ૧૦૦૦૦ જેટલી છે. જેમાંથી ૩૦૦ લોકોને કેન્સર છે અને ૧૫૦ લોકોનું લગભગ કેન્સરને કારણે મૃત્યુ થયેલ છે. આ દર્શાવે છે કે કેન્સર



જંતુનાશક દવાઓના ઉપયોગથી સૌ પહેલા ઉપયોગ કરનારને ભરખી જાય છે બીજો જે લોકો વપરાશ કરે છે પેસ્ટીસાઈડ્સનો , તેઓને પણ લાંબા ગાળે આની અસર થાય છે જેના પરિણામે જુનાગઢ જિલ્લો અને આખું સૌરાષ્ટ્ર હાલ કેન્સરના ભરડામાં આવી ગયું છે. છેલ્લા લગભગ પાંચ સાત વર્ષથી કેન્સરનું પ્રમાણ અહીં અને આજુબાજુના વિસ્તારોમાં વધી ગયું છે. હાલ મગફળીમાં પણ તમામ ખેડૂતો પેસ્ટીસાઈડ્સનો એટલો જ ઉપયોગ કરે છે.

## રાજકોટ રેલવે ડિવિઝનમાં પેન્શન અદાલતનું આયોજન કરાયું

ભારત હેડલાઈન, તા.૧૭

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનમાં ૧૭મી જૂનના રોજ પેન્શન અદાલતનું સફળતા પૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. પેન્શનરો અને ફેમિલી પેન્શનરો પાસેથી પહેલાથી જ અરજીઓ મંગાવવામાં આવી હતી, જેના આધારે જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી. કુલ ૨૫ કેસ મળ્યા હતા, આ તમામ કેસોનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો હતો. આ સમયગાળા દરમિયાન, કુલ ૧૬ પેન્શન પે ઓર્ડર જારી કરવામાં આવ્યા હતા જે ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી અશ્વની કુમાર દ્વારા હાજર નિવૃત્ત રેલવે કર્મચારીઓને વ્યક્તિગત રીતે આપવામાં આવ્યા હતા. શ્રી અશ્વની કુમારે ઉપસ્થિત તમામ પેન્શનરોને ખાતરી આપી હતી કે માત્ર પેન્શન અદાલત દરમિયાન જ નહીં પરંતુ સામાન્ય કામકાજના દિવસોમાં પણ પેન્શન ધારકોની સમસ્યાઓ પર સંપૂર્ણ ધ્યાન આપવામાં આવશે અને કાર્મિક અને એકાઉન્ટ વિભાગ હંમેશા સંપૂર્ણ સહકાર




આપશે. આજની પેન્શન અદાલતમાં લગભગ ૪૦ વરિષ્ઠ નાગરિકો/તેમના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા અને પેન્શન અદાલતનું સમાપન સૌહાર્દપૂર્ણ રીતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સિનિયર ડિવિઝનલ પર્સનલ ઓફિસર શ્રી મનીષ મહેતા, સિનિયર ડિવિઝનલ ફાઈનાન્સ મેનેજર શ્રી કિરેન્દુ આર્ય, આસિસ્ટન્ટ પર્સનલ ઓફિસર (એન્જિનિયરિંગ) શ્રી કમલેશ દવે, આસિસ્ટન્ટ ડિવિઝનલ ફાઈનાન્સ મેનેજર વસંત લાલ પરમાર, વેલ્ફેર ઈન્સ્પેક્ટર, સેટલમેન્ટ સેક્શનની ટીમ અને એકાઉન્ટ્સ વિભાગ (પેન્શન)ની ટીમનો સ્ટાફ હાજર રહ્યો હતો અને પેન્શન અદાલતને સફળ બનાવી હતી.

માલિક, મુદ્રક, પ્રકાશક અને તંત્રી : અમિતકુમાર બીપીનભાઈ ઠક્કર, મુદ્રણ – પ્રકાશન સ્થાન : ભારત હેડલાઈન પ્રિન્ટર્સ, ડ્રિમ સીટી ડી૨–૧૦૩, દ્વારકેશ પાર્ક પાસે, આલાપ ગ્રીન સીટી પાછળ, રૈયા રોડ, રાજકોટ–૩૬૦૦૦૭
Onwer, Publisher, Printer Editor : AMITKUMAR BIPINBHAI THAKKAR, Printed At : BHARAT HEADLINE PRINTERS, DREAM CITY D2-103, NR DWARKESH PARK, B/H. AALAP GREEN CITY, OFF RAIYA ROAD, RAJKOT, 360005, Published At: DREAM CITY D2-103, NR DWARKESH PARK, B/H. AALAP GREEN CITY, OFF RAIYA ROAD, RAJKOT, 360007

## સ્વામિનારાયણ ભગવાનની ૧૯૪મી અંતર્ધાન તિથિ નિમિત્તે

# રાજકોટ ગુરૂકુળના પ્રભુસ્વામી સહિતના સંતોની ગઢડા મુકામે ભજન ભકિતમાં હજારો હરિભકતોની ઉપસ્થિતિ

ભારત હેડલાઇન, તા.૧૭

સ્વામિનારાયણ ભગવાનની ૧૯૪મી અંતર્ધાન તિથિ શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ રાજકોટ સંસ્થાનના શ્રી પ્રભુસ્વામી તથા શ્રીધર્મનંદન સ્વામી વગેરેસંતોએ ગઢડા મુકામે ભજન ભક્તિ કરીને ઉજવી હતી. આ પ્રસંગે શ્રી પ્રભુસ્વામીએ કહ્યું હતું કે સ્વામિનારાયણ ભગવાનની જન્મભૂમિ ઉત્તર પ્રદેશમાં અયોધ્યા પાસેની છપૈયા છે પરંતુ તેમની કર્મભૂમિ ગુજરાત રહી છે. બોટાદ જિલ્લાના ગઢડામાં રહીને તેમણે તથા તેમના ૩૦૦૦ ઉપરાંત સંતોએ : વિશેષ કરીને ગુજરાતમાં તેમજ મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્ય પ્રદેશ વગેર પ્રદેશોમાં વિચરણ કર્યું. નીતિ, નિયમ, નિષેધ અને નિયંત્રણ દ્વારા સ્વામિનારાયણ ભગવાને સમાજની કાયાપલટ કરેલી. લોકોને અંધશ્રદ્ધા અને વ્યસનમુક્ત કરી સદાચારી જીવન જીવતાં કરેલા. ત્રીસ વર્ષમાં અમદાવાદ, ભૂજ, વરતાલ, ધોલેરા, જુનાગઢ, ગઢડામાં શિલ્પ સ્થાપત્યના નમૂના રૂપ છ મંદિરો



બનાવેલા. આશ્રિતોને જીવન જીવવા શિક્ષાપત્રીરૂપી નાનકડો ૨૧૨ શ્લોકનો ગ્રંથ પોતે જ લખી આપેલો. સત્સંગિજીવન, બ્રહ્મસુત્ર,રામાનુજ ગીતા ભાષ્ય જેવા ગ્રંથો સંતો પાસે રચાવ્યા. જુદા જુદા સ્થાનોમાં ૧૩ વર્ષથી ૬૩ વર્ષના સંતો હરિભકતો અને સ્વયં સ્વામિનારાયણ ભગવાન વચ્ચે પ્રશ્નોત્તરી કથાવાર્તા થયેલ. તે ૬૨૧ પ્રશ્નોતરી ચાર સંતોએ લખી લીધેલ. જે વચનામૃત રૂપી ગ્રંથનું આજે પણ વાચન શ્રવણ તથા કથા વિવેચન સહુ ભાવિકોના ઘરે તથા મંદિરોમાં થાય છે. જેઠ સુદ દશમને મંગળવાર (તારીખ ૧-૬-૧૮૩૦)ના મધ્યાન્હ પૂર્વે થોડીવારે સ્વતંત્ર થકા અક્ષરધામ સીધાવેલ.આ દિવસને સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાયના મંદિરોમાં ભક્તો ધૂન કીર્તન તેમજ ભગવાનના લીલા ચરિત્રોને યાદ કરી ઉજવતા હોય છે. શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ સંસ્થાનના સંતોએ જે અક્ષર ઓરડીમાં બેસી ૧૯૪ વર્ષ પહેલાં સ્વામિનારાયણ ભગવાન સ્વધામ સિધાવેલ એજ અક્ષરધામ તૂલ્ય અતિ પવિત્ર અને રમણિય તીર્થભૂમિ પર બેસીને ભજન ભક્તિ કરેલ. જુનાગઢ શ્રીસ્વામિનારાયણ ગુરૂકુલના મહંત પુરાણી શ્રી જ્ઞાનસ્વરૂપદાસજી સ્૩વામીના મુખે અંતર્ધાન લીલાની કથાનું શ્રવણ ધ્યાનસ્થ બેસી કરેલ. શ્રી વેદાંત સ્વામીએ સારંગી સાથે શ્રી ગોપીનાથજી મહારાજ સન્મુખ તથા અક્ષર ઓરડીમાં વિરહના કીર્તનોનું ગાન કરેલ. શ્રી કૃપાવત્સલ સ્વામીશ્રીએ ધૂન કરાવી સૌ સંતો ભક્તોને રાજી કરેલ. અંતમાં સૌએ સમૂહમાં ભગવાનની આરતી કરી હતી.આ પ્રસંગે જસદણ, બોટાદ તથા સુરત વગેરેના ભાવિક ભક્તોએ ગોપાળાનંદ સ્વામી રચિત બીજ મંત્રના યજ્ઞમાં આહૂતિઓ અર્પી હતી. અંતમાં ભગવાન સ્વામિનારાયણના નશ્વર શરીરને જ્યાં અગ્નિ સંસ્કાર કરવામાં આવેલ તે લક્ષ્મીવાડીમાં સ્મૃતિમંદિરે દંડવત પ્રણામ તથા પ્રાર્થના કરેલ હતી.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ILT કોલેજ B++ ગ્રેડ સાથે નેકમાં ઉતીર્ણ

## ૪માંથી ૨.૮૬ માર્કસ મેળવી સંસ્થાએ હાંસલ કરી સિધ્ધિ

ભારત હેડલાઇન, તા.૧૭

પાંચ વર્ષ પહેલા જામનગરના ઓસ્વાલ એજયુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત ઈન્સ્ટીટયુટ ઓફ લેંગ્વેજ ટીચીંગ બી.એડ. કોલેજનું સંચાલન રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર હાઈસ્કુલને રાજય સરકાર દ્વારા સોંપવામાં આવ્યું હતું. એક પણ અધ્યાપક વગર આ કોલેજ ૨૦૧૮ જુનથી રાજકોટ ખાતે શરૂ થઈ.

ટ્રસ્ટના સંચાલકો ડો. ભદ્રાયુ વછરાજાની, મુકેશ દોશી, હરદેવસિંહ જાડેજા, ઈન્દુભાઈ વોરા, જયંતભાઈ દેસાઈ અને કોલેજના આચાર્ય ડો. નિદત બારોટે બંધ થઈ ગેલી ઈન્ટીટયુટ ઓફ લેંગ્વેજ ટીચીંગ અનુદાનિત બી.એડ. કોલેજને પુનર્જીવિત કરવાનો દ્રઢ નિર્ધાર કર્યો હતો. જે બાદ પાંચ વર્ષમાં આ કોલેજ સૌરાષ્ટ્રની એકમાત્ર અંગ્રેજી વિષયના શિક્ષકોને તાલીમ આપતી કોલેજ બની. આ કોલેજમાં હાલ ૭ અધ્યાપકો સાથે



યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનની માન્યતા ધરાવતી કોલેજ છે. રાજકોટનાં હાર્દસમાં કાલાવડ રોડ પર સૌરાષ્ટ્ર હાઈસ્કુલના પરિસરમાં કોલેજ કાર્યરત છે. કોલેજની શૈક્ષણિક અને વહીવટી ગુણવતાનું ગ્રેડેશન કરતી ભારત સરકારની સ્વાયત સંસ્થા એનએએસી દ્વારા હાલમાં જ ઈન્ટીટયુટ ઓફ લેંગ્વેજ ટીચીંગના મૂલ્યાંકનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. અભ્યાસક્રમ, ટીચીંગ લર્નિંગ પ્રક્રિયા, સમાજ ઉપયોગી કાર્યક્રમો વધારાનું પ્રશિક્ષણ આપતા મુદ્દાઓ, રમત ગમત અને કલા ક્ષેત્રે કાર્યરત વિદ્યાર્થીઓ, તાલીમાર્થીઓને મળતી મદદ અને સંસ્થાને મળતું નેતૃત્વ જેવા મુદ્દાઓને ધ્યાને રાખી સતત બે દિવસ સુધી એનએએસી બેંગ્લોરથી આવેલા ત્રણ નિષ્ણાંતો દ્વારા મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. નિષ્ણાંતોએ પોતાનો અહેવાલ નેક બેંગ્લોરને સોંપ્યો હતો. આ અહેવાલને આધારે નેક બેંગ્લોર દ્વારા નિષ્ણાંતોની સમિતિ સમક્ષ પરિણામ માટે મુકાયો હતો. આજે મળેલી નિષ્ણાંતોની કમીટીએ ઈન્સ્ટીટયુટ ઓફ લેંગ્વેજ ટીચીંગ બી.એડ. કોલેજ રાજકોટને B++ ગ્રેડ આપ્યો હતો. સંસ્થાને ૪ માંથી ૨૮૬ માર્ક મળ્યા છે. નિષ્ણાંતોની કમીટીએ મૂલ્યાંકન કરતા નોંધ્યું હતું કે કોલેજનું નેતૃત્વ પ્રોફેશનલી નિષ્ણાંત આચાર્ય દ્વારા પુરૂ પાડવામાં આવે છે. માત્ર પાંચ વર્ષના સમયમાં ઈન્સ્ટીટયુટ ઓફ લેંગ્વેજ ટીચીંગ ગુણવતા યુકત શિક્ષણ આપતી સૌરાષ્ટ્રની એક માત્ર અંગ્રેજી શિક્ષક તૈયાર કરતી નેક એક્રિડીટેટેડ સંસ્થા બની છે. સંસ્થાના આચાર્ય તરીકે ડો. નિદત બારોટ, અધ્યાપક તરીકે ડો.નેહલ શિંગાળા, દીપિકા પટેલ, જયોતિ તડવી, ડો.સ્મિતા ગઢવી, ડો. હિમાંશુ આચાર્ય, ડો. તરન્નુમ બુખારી અને ડો. દક્ષા ડાંગર કાર્યરત છે. વહીવટી કર્મચારીમાં ઝંખના આશર છે.

# આજથી સ્કૂલવાન સંચાલકોની રાજયવ્યાપી હડતાલ : રાજકોટ એસોસિએશન પણ જોડાશે

- **ટેકસી પાસીંગમાં ત્રણ માસની મુદ્દત આપવા સાથે ત્રણ માંગણીઓ સ્વીકારવાની એસો.ની બુલંદ માંગ : સ્કૂલ વાનની હડતાલને પગલે વાલીઓની પરેશાનીમાં વધારો**
- **રાજકોટમાં 3000 સ્કૂલ વાનના પૈડા અચોકકસ મુદ્દત સુધી થંભી જશે**



ભારત હેડલાઇન, તા.૧૭

રાજકોટમાં ગેમ ઝોનના અગ્નિકાંડ બાદ સરકારે ગેસથી દોડતા સ્કૂલ વાન (ઈકો વાન) સામે ટેકસી/મેકસી પાસિંગ ફરજીયાત કરવાના અમલ સામે વાન ચાલકોએ ત્રણ માસનો સમય આપવાની માંગણી કરતા તેનો સરકારે સ્વીકાર નહીં કરતા કાલ રાજયવ્યાપી ખાનગી સ્કૂલ વાન સંચાલકોની અચૌકકસની મુદતનો પ્રારંભ થનાર છે. વેકેશન ખુલતા જ સ્કૂલવાન ઈકો વાન સહિતના વાહનોને ટેકસી/મેકસી પાસિંગ કરાવવા આરટીઓ કચેરીએ જતા છેલ્લા ચાર દિવસથી આરટીઓનું સર્વર બંધ થતા કોઈ પ્રક્રિયા થતી નથી બીજી તરફ પોલીસ અને આરટીઓ તંત્ર સ્કૂલ વાન ચાલકો રીતસરની તવાઈ ઉતારતા ગુજરાત રાજય સ્કૂલ વાન એસો.એ કાલથી અચૌકકસ મુદતની હડતાલનું એલાન જાહેર કરતા આવતીકાલથી રાજકોટ સહિત તમામ જીલ્લાઓમાં સ્કૂલ વાનના પૈડાઓ થંભી જશે. રાજકોટ સ્કૂલવાન એસો.ના પ્રમુખ બહાદુરસિંહ ગોહિલના જણાવાયા પ્રમાણે રાજકોટ શહેરના સ્કૂલવાન ચાલકો ટેકસી/મેકસી પાસીંગ કરાવવા તૈયાર છે પણ આરટીઓ કચેરીએ ૪ દિવસ સર્વર ઠપ્પ છે કોઈ જવાબ દેતુ નથી. મુખ્ય આરટીઓ અધિકારી પણ રજા મુકી જતા રહેતા અમારી વાનમાં પાટીયા મુકવા માટેની છુટ અને ત્રણ માસની મુદત આપવાની રજૂઆત કોઈ સાંભળતું નથી અમોએ આ બાબતે જીલ્લા કલેકટરને રૂબરૂ મળી અમારી વ્યથા ઠાલવી છે. તેમ છતાં હાલ પોલીસ સ્કૂલવાનને થંભાવી દંડ ફટકારે છે બીજી તરફ પોલીસ પણ દારૂ ભરેલી ગાડી પાછળ જીપ દોડાવે તેમ શહેરમાં ઠેર ઠેર સ્થળે સ્કૂલવાનની પાછળ પોલીસ ગાડી દોડાવી વાન થંભાવી કારણ વિના મેમો પકડાવતા સ્કૂલ વાન ચાલકો મુશ્કેલીમાં મુકાયા છે.

## લ્યો બોલો..કોલેજોમાં શિક્ષણ આપતા અધ્યાપક સહાયકોનો પગાર હાઈસ્કૂલના શિક્ષકો કરતા પણ ઓછો !?

**વિસંગતતા દૂર કરવા કોંગ્રેસના પ્રવકતા ડો.બારોટ દ્વારા મુખ્યમંત્રીને લખાયો પત્ર**



ભારત હેડલાઇન, તા.૧૭

દેશમાં માત્ર ગુજરાતમાં જ કોલેજોમાં શિક્ષણ આપતા અધ્યાપક સહાયકોને હાઈસ્કૂલના શિક્ષકો કરતા પણ ઓછો પગાર મળી રહ્યો હોય આ પગાર વિસંગતતા દૂર કરવા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતીના પ્રવકતા ડો.નિદત બારોટએ આ અંગે રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પત્ર પાઠવી રજૂઆત કરી છે. આ અંગે ડો.નિદત બારોટે જણાવેલ છે કે ગુજરાતમાં અનુદાનિત કોલેજોમાં યુ.જી.સી.ના નિયમથી વિપરીત ગુજરાત સરકારે અધ્યાપક સહાયકની જગ્યા પૂર્ણ પગારના અધ્યાપકોની જગ્યાએ ભરવાનું નકકી કર્યા બાદ રૂ.૭૫૦૦ના ફીકસ પગારથી પાંચ વર્ષ લટકતી તલવારે અધ્યાપક સહાયક કાર્ય કરે તેવી શરૂઆત થઈ હતી આજે અધ્યાપક સહાયકોને રૂ.૪૦૧૫૬નો ફિકસ પગાર મળી રહ્યો છે જે માધ્યમિક શિક્ષકોના પગાર કરતા પણ ઓછો છે. ગુજરાતમાં ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના શિક્ષકોનો પગાર ૪૯૬૦૦ તેમજ માધ્યમિક શાળાઓના શિક્ષકોનો પગાર રૂ.૪૦૮૦૦ છે. એમ.એમ.કોમ. પી.એચ.ડી.તેમજ નેટ-સ્લેટ જેવી પરીક્ષા પાસ કરનાર અધ્યાપક સહાયકોને માત્ર રૂ ૪૦૧૫૬ પગાર આમ સરકાર અધ્યાપક સહાયકોનું શોષણ કરી રહ્યો અધ્યાપક સહાયકો માટે પગારની વિસંગતતા દુર કરવા તેઓએ માગણી ઉઠાવી છે.

## સિવિલ હોસ્પિટલને મલ્ટીપેરા મોનિટર વિથ ઈ.ટી.કો.-૨ ટાઈપના ૩ મશીનો દાનમાં મળ્યા






**મલ્ટિપેરા મોનિટર હૃદયના ધબકારા, બ્લડ પ્રેશર, ઓક્સિજન, શ્વસન દર અને તાપમાન જેવા પરિમાણો પર રીઅલ-ટાઈમ ડેટા આપે છે**

ભારત હેડલાઇન, તા.૧૭

રાજકોટ પી.ડી. યુ. સિવિલ હોસ્પિટલને નિયતિ વૈદ અને બ્રિજેન વેદ (લોસ એંજલસ, યુ.એસ.એ) દ્વારા મલ્ટીપેરા મોનિટર વિથ ઈ.ટી.કો-૨ એવા ત્રણ મશીન દાનમાં આપવામાં આવ્યા છે. સિવિલ અધિક્ષક ડો. આર. એસ. ત્રિવેદીએ આ મશીનની વિષેશતાઓ અંગે જણાવ્યું હતું કે, મલ્ટિપેરા મોનિટર એ એક અત્યાધુનિક તબીબી ઉપકરણ છે.

જે હોસ્પિટલમાં દાખલ દર્દીઓના વિવિધ મહત્વપૂર્ણ સંકેતોનું સતત નિરીક્ષણ અને રેકોર્ડ કરવાની સુવિધા પુરી પાડે છે. આ મોનિટર હૃદયના ધબકારા, બ્લડ પ્રેશર, ઓક્સિજન સંતૃપ્તિ, શ્વસન દર અને તાપમાન જેવા પરિમાણો પર રીઅલ-ટાઈમ ડેટા પ્રદાન કરે છે.

આ તકે તબીબી અધિક્ષક ડો. આર.એસ. ત્રિવેદીએ દાતા નિયતિ વૈદ અને બ્રિજેન વેદના આ ઉમદા કાર્ય બદલ અભિનંદન પાઠવ્યા છે.

# 'ઈદ'ની જાહેર રજામાં પણ શૈક્ષણિક કાર્ય શરૂ રાખનાર ધોળકીયા સ્કૂલ પર ફિટકાર

## મોદી, ઉત્કર્ષ સહિતની શાળાઓ પણ શરૂ રહ્યાની ફરિયાદ, નિયમોનો ભંગ કરનારી સંસ્થાઓ સામે મોરચોઃ શિક્ષણાધિકારી દ્વારા તપાસના આદેશઃ કોંગ્રેસ કાર્યકરોનો હલ્લાબોલ





ભારત હેડલાઈન, તા.૧૭

ઈદ્-ઉલ-અઝહાની જાહેર રજા હોવા છતા શહેરની કેટલીક ખાનગી શાળાઓએ નિયમોનો ઉલાળીયો કરી શૈક્ષણિક કાર્ય શરૂ રાખેલ હોવાની ફરિયાદ ઉઠી છે. આ અંગે શિક્ષણાધિકારી દ્વારા તપાસના આદેશ આપવામાં આવેલ છે. જાહેર રજામાં શૈક્ષણિક કાર્ય શરૂ રાખનાર ધોળકીયા સ્કૂલ પર કોંગ્રેસ દ્વારા સુત્રોચ્ચાર સાથે હલ્લાબોલ કરવામાં આવેલ હતો. જેમાં કોંગ્રેસના પ્રવકતા રોહિતસિંહ રાજપૂત સહિત પાંચ આગેવાનોની અટકાયત કરવામાં આવી હતી. રોહિતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે ઈદ્-ઉલ-અઝહાની જાહેર રજામાં મોદી, ઉત્કર્ષ સહિતની ખાનગી શાળાઓએ શૈક્ષણિક કાર્ય શરૂ રાખેલ હતું. તેઓએ જણાવ્યું છે કે નિયમોનો ભંગ કરી બકરીઈદની સરકારી જાહેર રજા હોય ત્યારે તમામ શૈક્ષિણિક સંસ્થાઓમા શૈક્ષણિક કાર્ય બંધ રાખવાનુ હોય છે પરંતુ ધોળકીયા સ્કુલને જાણે સરકારના નિયમો સાથે કંઈ લેવાદેવા જ ના હોય તેમ અવારનવારની જેમ આજે પણ ધોળકિયા સ્કૂલની તમામ બ્રાન્ચો ચાલૂ રાખી હતી. ત્યારે આજે આ સ્કૂલના અનેક વિદ્યાર્થીઓના અને તેઓના વાલીઓના ફરિયાદો કરી હતી કે આજે આ જ સ્કૂલમા શૈક્ષિણિક કાર્ય કેમ ચાલુ ? તેઓની ફરિયાદોને આધારે તેઓએ તેમની ટીમ જે જે શાળાઓ આજે ચાલુ હતી તે સ્કૂલમાં શૈક્ષણિક કાર્ય બંધ કરાવવા સચાલકોને રજૂઆત કરવા નિકળ્યા હતા ત્યારે બાલાજી હોલ નજીક આવેલી કે.જી. ધોળકિયા સ્કૂલ પર પહોચ્યા હતા અને સ્કૂલ સંચાલકની ચેમ્બરના વ્યવસ્થિત રજૂઆત કરતા હતા. ધોળકીયા સ્કૂલના સંચાલક કૃષ્ણકાન્ત ધોળકીયાને રજૂઆત કરતા જણાવેલ હતુ કે જે નાના ભૂલકાઓને આપણે બિનસાંપ્રદાયિકતા અને સર્વ ધર્મ સમ ભાવ ના પાઠ ભણાવિયે છે તે બાળકોને કોઇ પણ ધાર્મિક તહેવારોની જાહેર રજાઓમા શાળાઓએ બોલાવવામા આવે ત્યારે તેઓની માનસતા પર ખરાબ અસર વર્તાય છે.

શાળાઓમા તમામ ધર્મના બાળકો અભ્યાસ કરતા હોય છે ત્યારે આ રીતે ધાર્મિક ભેદભાવો રાખી ક્યારેક શાળા બંધ તો ક્યારેક ચાલુ તો અમુક બાળકોની માનસતા પર ભેદભાવભરી નીતિની ગંભિર અસર વર્તાય છે.આપણો દેશ બિન સાંપ્રદાયિક દેશ છે. ત્યારે તમામ ધાર્મિક તહેવારોમા શાળાઓ બંધ રહે એ અમારી પ્રાથમિકતા છે.

બાળકોનુ શૈક્ષણિક કાર્ય બગડે તેવો અમારો બદઈરાદો નથી પરંતુ અમારા માટે ધાર્મિક સાંપ્રદાયિકતા ભેદભાવની અસર બાળકોમાં નાનપણથી જ ના જાય અને જેનો આપણા સમાજમા કોઈ ખરાબ મેસેજ ના જવો જોઈએ તેવો છે.બાળકોમા રામનવમી, ક્રિસમસ અને ઈદ બધા તહેવારોની લાગણી સરખી રહેશે તો જ દેશ વિકસિત થશે. કોંગ્રેસના વિદ્યાર્થીનેતાઓ જ્યારે આ બાબતે સ્કૂલ સંચાલકને રજૂઆત કરતા હતા ત્યારે તાલુકા પોલીસે બળજબરી પૂર્વક કાર્યકરોની અટકાયત કરી હતી. રોહિતસિંહ રાજપૂતે જણાવ્યું હતુ કે જિલ્લા શિક્ષણ અધિકારીને આ અંગે આજે પાંચ કોલ કરેલ હતા પણ કોઈ પ્રત્યુતર મળ્યો ના હતો બાદમા અમારે સ્કૂલે રૂબરૂ જવુ પડ્યું હતુ પણ સંચાલક એ પોલીસને આગળ કરી વિદ્યાર્થીઓનો અવાજ દબાવ્યો છે. અમને જિલ્લા શિક્ષણ અધિકારીનો મોડેથી ફોન આવ્યો છે અને અમે નિયમોનો ઉલાળિયો કરનાર સંચાલકો સામે કડક કાર્યવાહી કરવા રજૂઆત કરી છે અને ડીઈઓએ અમને બાંહેધરી આપી છે કે આવનાર સમયમા આ બાબતે અમે કડકાઈ દર્શાવશુ અને આજની બાબતે પણ ગંભીરતા દાખવી કડક કાર્યવાહી કરીશું.

# ધોળા દિવસે ટ્રાફિક સિગ્નલની સફાઈ કામગીરીને પરિણામે માર્ગમાં ટ્રાફિકજામઃ વાહન ચાલકો પરેશાન





રાજકોટ શહેરમાં દિન પ્રતિદિન ટ્રાફિક સમસ્યા શીર દર્દ સમી બની રહી છે ત્યારે ૨૪ કલાક ટ્રાફિકથી ધમધમતા કાંતા સ્ત્રી વિકાસ પાસે મસમોટી ક્રેઈન મારફત ધોળા દિવસે ટ્રાફિક સિગ્નલની સાફ-સફાઈ થતાં અનેક વાહનો થંભી થતાં વાહન ચાલકો પરેશાન થયા હતાં. ટ્રાફિક સિગ્નલની સાફ સફાઈ કામગીરી મોડી રાત્રીનાં બદલે ધોળા દિવસે હાથ ધરવામાં આવતા ક્રેઈન વાહન ચાલકો ડરતા ડરતા પસાર થયા હતાં. આ પ્રકારની સફાઈ કામગીરીને કારણે વાહન વ્યવહારને મોટી અસર પડી હતી.